પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 25-11-2026 **Evening: 7.10 TO 7.20**

Day : Wednesday **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) ટપાલ સંચાલન યોજનાને વર્ષ 2030-31 સુધી યથાવત્ રાખવા કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વરિષ્ઠ સચિવો અને નાણા વિભાગ સાથે શ્રેણીબદ્ધ બેઠક યોજી બજેટ અંતર્ગત થયેલા કામની સમીક્ષા કરી.
3) બેંગ્લુરુમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન માટે યોજાયેલા રોડ શૉ કાર્યક્રમમાં ગુજરાત અને કર્ણાટક વચ્ચે ઔદ્યોગિક સહકારની તક અંગે ચર્ચા.
4) શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ I.T, સંશોધન સહિતના ક્ષેત્રે ઓળખ બનાવનારાં કર્ણાટકની પ્રશંસા કરી.
5) રાજ્યમાં આગામી સાત દિવસ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્.
6) ગોવામાં આયોજિત ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં ગુજરાતી ફિલ્મ “લાલો – શ્રીકૃષ્ણ સદા સહાયતે” પ્રદર્શિત.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

UNION CABINET MEETING

કેન્દ્રીય મંત્રીમંડળે વર્ષ 2026-27થી 2030-31 સુધી ટપાલ સંચાલન યોજના યથાવત્ રાખવા મંજૂરી આપી. આ માટે એક હજાર 41 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. શ્રી વૈષ્ણવે કહ્યું , આ યોજનાનો ઉદ્દેશ ટપાલ નેટવર્કના આધુનિકીકરણ , પાર્સલ અને ટપાલ સેવાઓને મજબૂત કરવાનો , ગ્રામ્ય ક્ષેત્રોમાં સંપર્ક વધારવાનો અને લોકોને વધુ સારી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. મંત્રીમંડળે એક હજાર 491 કરોડ રૂપિયાની જોગવાઈ સાથે ટપાલ વિભાગની સંપત્તિ વ્યવસ્થાપન યોજનાને પણ મંજૂરી આપી. આ યોજના અંતર્ગત ટપાલ વિભાગના ભવનો અને અન્ય મિલકતોનું વ્યાપક આધુનિકીકરણ કરાશે.

(BYTE: ASHWINI VAISHNAW, UNION MINISTER)

करीब डेढ़ लाख पोस्ट ऑफिसेस हमारे देश... टल ऑपरेशन्स स्कीम। जैसा आप सब जानते हैं पोस्ट ऑफिसेस करीब डेढ़ लाख पोस्ट ऑफिसेस हमारे देश भर में हैं, जो कि उसमें ज्यादातर ग्रामीण क्षेत्रों में हैं। जो कि देश की एक बहुत बड़ी जरूरत को पूरा करते हैं। और इसमें लगातार इन बारह वर्षों में खूब रिफॉर्म्स हुए हैं। और जिस तरह से लेटर से दुनिया पार्सल में शिफ्ट हो रही है, तो लेटर से पार्सल की मूवमेंट की तरफ पोस्टल डिपार्टमेंट का कम्प्लीट चेंज ओवर हुआ है। तो इसके लिए ₹1,141 करोड़ का पोस्टल ऑपरेशन्स स्कीम को आज माननीय प्रधानमंत्री जी ने अप्रूवल दिया है।

CM GNR SAMIKSHA BETHAK

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સરકારના વિવિધ વિભાગોની આ વર્ષના બજેટ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા માટે ઉચ્ચસ્તરની બેઠક યોજી. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે , શ્રી પટેલે આજે વિવિધ વિભાગના વરિષ્ઠ સચિવ અન વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠક યોજી. તેમણે શિક્ષણ , આરોગ્ય, ગૃહ અને સામાન્ય વહીવટ વિભાગની કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરી. તેમણે આ વિભાગોની પ્રવર્તમાન કામગીરી , અંદાજપત્રના યોજનાકીય લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓની વિગતો ઝીણવટપૂર્વક મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં મુખ્યસચિવ એમ. કે. દાસ , મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા તેમજ નાણા વિભાગ સહિત સંબંધિત વિભાગના અધિક મુખ્યસચિવ , મુખ્યમંત્રીના અગ્રસચિવ , અધિક અગ્રસચિવ અને સચિવ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

CM SNEH MILAN

ગાંધીનગરમાં પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાયો. આ સમારોહને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવીને વિકસિત ભારત અને નશામુક્ત ભારતના સંકલ્પને મિડિયા જગત અને સરકારના સંકલનથી સાકાર કરવાનું આહ્વાન કર્યું.

જ્યારે આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ પત્રકારોને રાજ્ય અને જનહિતમાં સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાનું અને સરકારની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનું અત્યંત જવાબદારીભર્યું માધ્યમ ગણાવ્યા. આ સમારોહમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ, રાજ્યમંત્રી મંડળના મંત્રીઓ અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

VGGS BENGALURU ROAD SHOW

પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ માહિતી અને ટેક્નોલૉજી - I.T., સંશોધન, સેવા, અવકાશ, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I., ડેટા સેન્ટર ક્ષેત્રે અગ્રણી કેન્દ્ર તરીકે ઓળખ બનાવનારા કર્ણાટકની પ્રશંસા કરી. બેંગ્લુરુમાં વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન માટે યોજાયેલા રોડ શૉ કાર્યક્રમને સંબોધતાં સુશ્રી જાડેજાએ કહ્યું, બંને રાજ્યના ઉદ્યોગો, સાહસિકો અને યુવા પ્રતિભાઓને સાથે લાવીને આપણે નવીનતા, રોજગારી અને સહિયારી સમૃદ્ધિ માટે નવી તકનું સર્જન કરી શકીશું.

(BYTE: RIVABA JADEJA, MINISTER OF STATE EDUCATION)

I am inviting you to become partners in one of the most *આજે વિશ્વમાં ક્યાંય પણ આકાર લઈ રહેલી સૌથી રોમાંચક વિકાસ ગાથાઓમાંથી એક એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવવાની યાત્રામાં ભાગીદાર બનવા માટે હું તમને આમંત્રણ આપું છું. જેમ જેમ આપણે વિકસિત ભારત ૨૦૪૭ ના સંકલ્પ તરફ આગળ વધી રહ્યા છીએ તેમ તેમ ભારતના વિકાસને આપણા રાજ્યો, આપણા શહેરો, ઉદ્યોગસાહસિકો અને સંશોધકોની સામૂહિક શક્તિ દ્વારા સંચાલિત થશે.* ***our states, our cities, entrepreneurs, and innovators.***

તો, અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રી રમણ સોલંકીના નેતૃત્વ હેઠળના ગુજરાતના પ્રતિનિધિમંડળે ઉત્તરપ્રદેશમાં નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક સાથે મુલાકાત કરી. પ્રતિનિધિમંડળે તેમને વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027માં ભાગ લેવા તથા આરોગ્ય ક્ષેત્ર અને ફાર્મા નિકાસ પર કેન્દ્રીત મહત્વના પરિસંવાદમાં યોગદાન આપવા પણ આમંત્રણ આપ્યું.

ઉલ્લેખનીય છે કે , 10થી 12 જાન્યુઆરી 2027 દરમિયાન ગાંધીનગરમાં વિકસિત ગુજરાત – વૈશ્વિક ભવિષ્યનું ઘડતર વિષયવસ્તુ હેઠળ 11-મી વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન યોજાશે.

CHHATTISGARH MINISTER VISIT

છત્તીસગઢનાં મહિલા બાળવિકાસ તથા સમાજ કલ્યાણ મંત્રી લક્ષ્મી રાજવાડેએ ગાંધીનગરમાં રાજ્યનાં મહિલા અને બાળવિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલ સાથે મુલાકાત કરી. સુશ્રી વકીલે સચિવાલય ખાતે સુશ્રી રાજવાડેનું સ્વાગત કર્યું. દરમિયાન બંને મંત્રીઓ વચ્ચે મહિલા સશક્તિકરણ , બાળ વિકાસ તેમજ સમાજ કલ્યાણ ક્ષેત્રે થઈ રહેલા નવીન પ્રયાસો અને વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી.

CM PATEL SWAGAT PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આવતીકાલે આ મહિનાનો રાજ્ય સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે. સત્તાવાર યાદી મુજબ , લોકો આ કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલે સવારે આઠથી 11 વાગ્યા દરમિયાન ગાંધીનગરમાં સ્વર્ણિમ સંકુલ બેમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને લોકોની રજૂઆતો સાંભળશે.

BK SWAGAT PROG

બનાસકાંઠામાં કલેક્ટર મિહિર પટેલની અધ્યક્ષતામાં જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાયો, જેમાં જિલ્લામાંથી આવેલા 13 જેટલા અરજદારોએ વિવિધ પ્રશ્નોને લગતી રજૂઆતો કરી હતી. જિલ્લા કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને રજૂઆતો અંગે ત્વરિત કાર્યવાહી કરવા તેમજ પ્રશ્નોના ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં ઉકેલ લાવવા માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 29 નવેમ્બરે આકાશવાણી પર “મનકી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 140-મી કડી હશે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા આ કાર્યક્રમ માટે પોતાના વિચાર અને સૂચન મોકલી શકશે. તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય જીઓવી (MY Gov) ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પર પણ અભિપ્રાય મોકલી શકાશે. ઉપરાંત 1922 નંબર પર મિસ્ડ કોલ કરીને અને અને SMSમાં મળેલી લિન્કને અનુસરીને પ્રધાનમંત્રીને સીધા જ પોતાના મંતવ્ય મોકલી શકશે. આ સૂચનો મોકલવાની છેલ્લી તારીખ 27 નવેમ્બર રહેશે.

STATE WEATHER UPDATE

રાજ્યમાં ધીમેધીમે ઠંડી વધી રહી છે. દરમિયાન સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કેટલીક જગ્યાએ તાપમાનમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જોકે, આગામી સાત દિવસ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીવત્ છે. હવામાન વિભાગની યાદી મુજબ , ગત 24 કલાકમાં સૌથી ઓછું 12 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ગાંધીનગર અને કચ્છના નલિયામાં નોંધાયું. જ્યારે કંડલા વિમાનમથક પર 13.5 , અમદાવાદમાં 15.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

IFFI LAALO GUJARATI MOVIE

ગોવામાં આયોજિત 57-મા ભારતીય આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવ 2026ના ઇન્ડિયન પેનોરમા વિભાગમાં ગુજરાતી ફિલ્મ "લાલો - શ્રીકૃષ્ણ સદા સહાયતે " પ્રદર્શિત કરવામાં આવી. ગોવામાં પત્રકાર પરિષદને સંબોધતા લાલો ફિલ્મના દિગ્દર્શક અંકિત સખિયાએ આ ફિલ્મના નિર્માણ થી લઈ બૉક્સઑફિસ સફળતા સુધીની સફર અંગે વાત કરી . ગુજરાતી સિનેમાના ભવિષ્ય અંગે વાત કરતા શ્રી સખિયાએ વ્યાપારી સફળતાની સાથે-સાથે અર્થપૂર્ણ વાર્તા કહેવાની કળાને પ્રાથમિકતા આપવાની જરૂરિયાત પર પણ ભાર આપ્યો.

(BYTE: ANKIT SAKHIYA, DIRECTOR, LAALO: SHREE KRISHNA SADA SAHAYTE GUJARATI MOVIE)

तो लालो का ऐसा था कि वो बहुत अंडर प्ले था कि भाई इसको स्क्रीन मिलेगा, नहीं मिलेगा, पहले 12 सितम्बर था। फिर ऐसा था कि नहीं-नहीं अभी नहीं कर सकते, नहीं वो सब चल रहा था फिर 10 अक्टूबर हुआ। और धीरे-धीरे, धीरे-धीरे दिवाली का टाइम था बहुत बड़ी पिक्चरें थीं तो ऑब्वियसली कोई आ नहीं रहा था मतलब छोटी फिल्म है, तो वो सब चल रहा था। कृष्णजी की एक कृपा हुई और फिर धीरे-धीरे, धीरे इतने लोग आने लगे कि पहले तीन शो बचे थे, दिन के। और फिर ऐसा हुआ कि 23rd या 24th दिन आया, जब दिन के 2,000 या 3,000 शो भी हुए थे, तो मतलब ऐसे ही पीक पकड़ा उसने।

STD 10 GSOS

રાજ્યમાં ધોરણ 10 GSOS - ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલના પરીક્ષાર્થીઓના શાળાકક્ષાના તથા વોકેશનલ વિષયની પરીક્ષાના ગુણ બોર્ડ આવતીકાલથી વેબસાઈટ પર ભરવાના રહેશે. શાળાઓના આચાર્યોએ GSEB.ORG અને SSCMARKS.GSEB.ORG વેબસાઈટ પર આગામી પાંચ ડિસેમ્બર સુધીમાં આ ગુણ ભરવા પડશે. પરીક્ષાર્થીઓના વિષય અંગે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરી શકાશે તેમ , ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવાયું.

SRT ITI CONVOCATION

સુરતમાં મજૂરાગેટ પર આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા – I.T.I.નો પાંચમો કૌશલ્ય પદવીદાન સમારોહ યોજાયો. આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ મુકેશ દલાલે તાલીમ પૂર્ણ કરનારા તાલીમાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરી તેમના ઉજ્જવળ ભાવિ માટે શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે શ્રી દલાલે કહ્યું , આજના ટેક્નોલૉજીના યુગમાં પુસ્તકના જ્ઞાનની સાથે વ્યવહારુ કૌશલ્ય પણ એટલું જ આવશ્યક છે. તેમણે આત્મનિર્ભર ભારતનના વિકાસમાં સહભાગી બનવા પણ યુવાનોને આહ્વાન કર્યું.

MSN ICDS BALMELO

મહેસાણામાં સંકલિત બાળવિકાસ યોજના – ICDS શાખા દ્વારા જિલ્લાકક્ષાનો બાળમેળો યાજોયો. પંડિત દિનદયાળ ઉપાધ્યાય સભાખંડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં બાળવિકાસ અને શિક્ષણના મહત્વ પર ભાર અપાયો. મેળામાં આંગણવાડીના નાના ભૂલકાંઓએ મનમોહક પ્રદર્શન કર્યું. બાળકો દ્વારા પ્રસ્તુત સ્વાગત ગીત , નાટક, બાળગીત, દેશભક્તિ ગીત અને બાળ અભિનય જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાયા. મેળામાં વિશેષ આકર્ષણ તરીકે સામેલ થયેલા વિવિધ કાર્ટૂન કેરેક્ટર્સ બાળકો માટે મનોરંજનનું મુખ્ય કેન્દ્ર બન્યા હતા.